## ગુજરાત સાહિત્ય અકાદમી

| | |
|---|---|
| **ગુજરાત સાહિત્ય અકાદમી,** | પ્રતિ, શ્રી. ................................ |
| જુનુ વિધાનસભા ભવન, | ................................ |
| ટાઉન હોલ પાસે, સેક્ટર-૧૭, | ................................ |
| ગાંધીનગર.-૩૮૨૦૧૭. | ................................ |

ક્રમાંકઃ ગસઅ-નવોદિત-

વષય : **નવોદિત લેખકોને લલિત સાહિત્યની પ્રથમ કૃતિના પ્રકાશન માટે આર્થિક સહાયની યોજના.**

શ્રીમાન, ................................

આપનો તા. ........................ નો પત્ર મળ્યો. નવોદિત લેખકોને લલિત સાહિત્યની કૃતિના પ્રકાશનની યોજનાને લગતું નીચેનું સાહિત્ય આપને આ સાથે મોકલ્યું છે.

(૧) આવેદનપત્ર

(૨) યોજનાના નિયમો

આવેદનપત્ર આવેદનપત્ર અને બીજી સામગ્રી સાથે હસ્તપ્રત મોકલવાની છેલ્લી તારીખઃ ...................... નિયત કરવામાં આવી છે.

મહામાત્ર
**ગુજરાતી સાહિત્યઅકાદમી,**
ગાંધીનગર.

## ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.
## ગુજરાતી ભાષા સાહિત્યના નવોદિત લેખકોને લલિત સાહિત્યની કૃતિ પ્રગટ કરવા માટે આર્થિક સહાયની યોજનાના નિયમો

1 આ યોજનાનો ઉદ્દેશ ગુજરાતી સાહિત્યના નવોદિત લેખકોને તેમની પ્રથમ કૃતિ પ્રસિધ્ધ કરવા માટે સહાય કરવાનો છે.
નોંધઃ- આ યોજનામાં નવોદિત લેખકે એટલે જેની કોઇ પણ સાહિત્યકૃતિ કોઇ પણ ભાષામાં અગાઉ પુસ્તકરૂપે પ્રગટ થઇ ન હોય એવા લેખક, એમ ગણવાનું છે. એમની સહલેખક તરીકે પણ કોઇ કૃતિ પ્રગટ થયેલી હોવી ન જોઇએ.

2 ગુજરાતી સાહિત્યના નીચે જણાવેલા કોઇ પણ એક સાહિત્ય પ્રકારની મૌલિક કૃતિના પ્રકાશન માટે આ યોજના હેઠળ નવોદિત લેખક સહાય મેળવવા પાત્ર બનશે.

(ક) નવલકથા (લઘુનવલ સહિત)
(ખ) ટૂંકી વાર્તાઓનો સંગ્રહ

(ગ) નાટક (એકાંકી નાટકો અને રેડિયો-ટેલીવીઝન માટેના નાટકો સહિત)

(ઘ) જીવનચરિત્ર

(ચ) સાહિત્યિક નિબંધ

(છ) કાવ્યસંગ્રહ

નોંધઃ- ઉપરના સાહિત્યકારોમાં અનુવાદનો સમાવેશ થતો નથી. માત્ર મૌખિક કૃતિઓ રજૂ થઇ શકશે.

૩ કોઇપણ નવોદિત લેખક નિર્દિષ્ટ સમયની અંદર આ યોજના હેઠળ સહાય મેળવવા માટે અરજી કરી શકશે. ઉપર્યુકત અરજી સાથે નીચેની સામગ્રી હોવી જોઇએ.

ક ) જેના પ્રકાશન માટે સહાય માગી હોય તે કૃતિની બે પ્રેસ નકલ (હસ્તપ્રત અથવા ટાઇમ નકલ)
નોંધઃ- આવી કૃતિ એક જ બાજુએ લખીને વ્યવસ્થિત ફાઇલ કે પુસ્તકરૂપે મોકલવી જરુરી છે. કૃતિમાં કેટલાં પાના છે તે પહેલે પાને અનુક્રમણિકા આપી નોંધવું જરુરી છે. અવ્યવસ્થિત કે સુવાચ્ય નહીં હોય તેવી પ્રત અસ્વીકાર્ય ગણાશે.

(ખ) લેખકનો ટૂંક જીવન વિષયક પરિચર આપતી નોંધ.

(ગ) જેના સંદર્ભમાં સહાય માગી હોય તે કૃતિના વિષયનું ટુંકુ વર્ણન.

(ઘ) પ્રગટ કરવા વિચારેલી કૃતિ કે તેના અંશ પુસ્તક સ્વરૂપ અગાઉ પ્રગટ થઇ નથી, એવું એકરારનામું.

(ચ) હસ્તપ્રતના મુદ્રણ અંગેના ખર્ચનો જે ભાગ આ યોજના હેઠળ આવરી લેવાયો ન હોય તેવો ભાગ અરજદાર લેખક ભોગવવા તૈયાર છે અને આ માટે જરુરી નાણાં તેની પાસે છે. એવું નિયત નમૂનામાં નિવેદન.

૪ અગાઉના વર્ષોમાં સહાય માટે અસ્વીકૃત થયેલી કૃતિ પ્રકાશન માટે આ યોજના હેઠળ સહાય મેળવવા પાત્ર રહેશે નહિ.

૫ સહાય માટે પાત્ર ઠરેલી હસ્તપ્રત અંગે મંજૂર કરાનાર સહાયની રકમ, હસ્તપ્રતની ૫૦૦ નકલોના મુદ્રણ અંગે કરેલા ખરેખર ખર્ચના ૭૫ ટકા જેટલી રહેશે. પરંતુ આવી રકમ કોઇ પણ કિસ્સામાં રૂા. ૧૦,૦૦૦-૦૦ થી વધશે નહિ. મંજૂર કરાયેલ સહાયની રકમ કૃતિ પ્રકાશિત કરી તેના મુદ્રણ અંગેના ખર્ચના વાઉચર ગુજરાત સાહિત્ય અકાદમીને રજૂ કરતાં ચૂકવવાપાત્ર થશે.

૬ સહાયની કોઇ પણ મંજૂરી નીચેની શરતોને આધીન રહેશેઃ-

ક ) **હસ્તપ્રતની પ્રગટ કરેલી પુસ્તકની નકલો ૫૦૦ કરતાં ઓછી હોવી જોઇશે નહિ.**

(ખ) હસ્તપ્રત પ્રગટ કરતાં કૃતિની ૧૫ નકલ વિનામૂલ્યે ગુજરાત સાહિત્ય અકાદમીને આપવાની રહેશે.

(ગ) **ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજયની નાણાકીય સહાયથી પ્રકાશિત કયું.** એવી ઋણસ્વીકારની પંકિત મુખપૃષ્ઠની પાછળ સ્પષ્ટ રીતે છાપવાની રહેશે.

(ઘ) પ્રગટ થતી કૃતિમાં કોઇ જાહેરાત કે કોઇ પ્રકારનો વેપાર વિષયક સંદેશો હોવો જોઇએ નહિં.

(ચ) ગુજરાત સાહિત્ય અકાદમીની પૂર્વમંજૂરી સિવાય આ યોજના હેઠળ સહાય મંજૂર કરવામાં આવી હોય તેવી હસ્તપ્રતમાં કોઇ સુધારો કરી શકાશે નહિં.

(છ) હસ્તપ્રત સહસાયના હુકમ થયાની તારીથી એક વર્ષમાં પ્રગટ કરવાની રહેશે. મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી પોતાને તેમ કરવું જરુરી જણાય તો સહાય મંજૂર કરતા હુકમ હેઠળ ઉપર જણાવેલી શરતોની પૂરક શરતોનું પાલન કરવાનું આવશ્યક બનાવી શકશે.

૭ હસ્તપ્રતની જોડણી સરકારમાન્ય સાર્થ જોડણીકોશ પ્રમાણે રાખવાની રહેશે.

૮ **જે કૃતિનાં પ્રકાશન માટે સહાયક ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હોય, તેનો હુકમ થયા બાદ ૧ વર્ષમાં પુસ્તક પ્રગટ કરવાનું રહેશે. આ મુદત દરમિયાન પુસ્તક પ્રકાશિત નહીં કરનારની આર્થિક સહાય આપોઆપ રદ થયેલી ગણાશે.**

૯ હિસાબોઃ-

લેખક, આ યોજના હેઠળ સહાય મંજૂર કરવામાં આવી હોય તે હસ્તપ્રતના મુદ્રણ અંગેના હિસાબો તૈયાર કરી અકાદમી સમક્ષ રજૂ કરશે અને એ અકાદમીના નિરીક્ષણને આધીન રહેશે.

૧૦ આ યોજના હેઠળ લેખકે જે તે વર્ષમાં એક જ હસ્તપ્રત રજૂ કરવાની રહેશે.

**નવોદિત લેખકોને લલિત સાહિત્યની પ્રથમ કૃતિ પ્રગટ કરવા માટે ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજયની આર્થિક સહાયની યોજના.**

## આ વે દ ન પ ત્ર

૧ લેખકનું પુરુ નામ અને સરનામું

૨ જે લલિત કૃતિના પ્રકાશન માટે સહાયની અપેક્ષા હોય તે કૃતિનો સાહિત્યકાર, શીર્ષક, અને અંદાજી પૃષ્ઠ સંખ્યા

૩ નિર્ધારિત પ્રકાશનકાર્ય પુરુ કરવા માટેનો અંદાજીત સમય

૪ આ માટે અન્ય કોઇ સ્થળેથી કોઇ સહાય મળવાપાત્ર છે? હોય તો દર્શાવવી.

આથી હું જાહેર કરું છું કે, ઉપર જણાવેલ બધી માહિતી સાચી છે. આજ સુધી મારું એક પણ પુસ્તક પ્રકાશિત થયેલું નથ અને આ અરજીથી જે પુસ્તક માટે સહાય માંગી છે તે મારું પ્રથમ પુસ્તક છે. ઉપર આપેલી માહિતી પૈકીની કોઇ પણ બાબત ખોટી હશે તો મંજૂર કરવામાં આવેલ સંપૂર્ણ રકમ સરકાર ઠરાવે તે દરે વ્યાજ સાથે સરકારને પરત કરવાની હું બાંહેધરી આપું છું.

તારીખ : ...............................
સ્થળ : ...............................

લેખકની સહી...........................

**નોંધઃ-** આ નમૂના સાથે જે માટે સહાય માંગવામાં આવી હોય તે કૃતિની પ્રેસનકલ (હસ્તપ્રત કે ટાઇપ) જોડવી જરુરી છે.

પ્રેષકઃ-

(લેખકનું નામ અને પુરૂ સરનામું :

પ્રતિ,
**ગુજરાત સાહિત્ય અકાદમી,**
જુનુ વિધાનસભા ભવન,
ટાઉન હોલ પાસે, સેક્ટર-૧૭,
**ગાંધીનગર-૩૮૨૦૧૭**

વષય : **ગુજરાતી સાહિત્યના નવોદિત લેખકોને લલિત સાહિત્યની પ્રથમ કૃતિ પ્રગટ કરવા માટે આર્થિક સહાયની યોજના.**

શ્રીમાન, ...............................

ઉપર્યુક્ત વિષય અન્વયે આર્થિક સહાય અંગેની વિચારણા અર્થે હું મારી કૃતિ ................................................... ની હસ્તપ્રત (બે નકલમાં) જરુરી વિગતો અને આવેદનપત્ર સાથે મોકલું છું.

આર્થિક સહાય અંગેના બધા નિયમો મેં બરાબર વાંચ્યા છે અને એ મને બંધનકર્તા રહેશે એ હું સ્વીકારું છું.

મારા પુસ્તકના પ્રકાશન અર્થે ગુજરાત સાહિત્ય અકાદમી સહાયક ગ્રાન્ટ મંજૂર કરશે તો સહાયક ગ્રાન્ટની શરતોનું હું બરાબર પાલન કરીશ અને સહાય સિવાયની બાકીની રકમ અંગે મારી પૂરતી સગવડ છે અને બાકીનું ખર્ચ ભોગવવા હું બાંહેધરી આપું છું.

તારીખ ........................... **લેખકની સહી** ...........................

સ્થળ : ...............................